# હિસાબ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

---

**વંચાણમાં :** (૧) નામદાર સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: ગકવ/ ૧૬૨૦૧૬/ ૨૨૪૦/ક.૨. તા.૧૩/૦૯/૨૦૧૭. (તા.૦૧/૦૮/૨૦૧૭ થી અમલમાં)

(૨) નામદાર સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ગકવ/ ૧૬૨૦૧૮/૧૩૧૬/ક.૨. તા.૦૭/૦૬/૨૦૧૯. (તા.૦૧/૦૮/૨૦૧૭ થી અમલમાં)

(૩) નાણાં વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક પગર–૧૦–૨૦૧૬–ઓ–૪૮૯–પગાર એકમ, તા.૨૪/૦૭/૨૦૧૮

## : <u>પરિપત્ર</u> :

**વિષય :–** સાતમા પગારપંચ અમલ બાબતે ભથ્થાઓની આકારણી કરવા અંગે...

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ – ૧ અને ૨ ના સરકારશ્રીના ઠરાવથી આ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓને સાતમા પગારપંચનો લાભ આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ – ૧ ના ઠરાવની શરત નં. – ૭ અને વંચાણે લીધેલ ક્રમ – ૨ ના ઠરાવની શરત નં. – ૪ મુજબ મોંઘવારી ભથ્થા સિવાયના તમામ ભથ્થા વિદ્યમાન છઠ્ઠા પગારપંચના પગાર ઉપર અને મળવાપાત્ર દર મુજબ મળવાપાત્ર થશે તેવું ઠરાવેલ છે. જેથી, તે મુજબ બીલો રજુ કરવા જણાવવામાં આવે છે.

ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ – ૩ થી LTC સબબ ૧૦ દિવસના રજાના રોકડમાં રૂપાંતરના બીલોમાં પણ ઉપર મુજબ અમલ કરવા રાજય સરકારશ્રીએ નિર્ણય કરેલ હોય, તે મુજબ અમલ કરવા જણાવવામાં આવે છે.

**હિસાબ નિયામક**

---

**જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/વહટ/૪૨૦૪/૧૯** **તા.૩૦/૦૭/૨૦૧૯**

**<u>નકલ સવિનય રવાના</u> :**

(૧) અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

(૨) અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ અમલ થવા સારૂ.

**<u>નકલ રવાના</u> :**

વહીવટી–વ–હિસાબી અધિકારી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.

ક્રમાંક: પગર-૧૦-૨૦૧૬-ઓ-૪૮૯-પગાર એકમ
ગુજરાત સરકાર
નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૪/૦૭/૨૦૧૮

પ્રતિ,
**હિસાબ અને તિજોરી નિયામકશ્રી,**
હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
બ્લોક નં.૧૭, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

**વિષય: એલ.ટી.સી. ના હેતુ માટે ૧૦ દિવસની હક્ક રજાના રોકડમાં રૂપાંતર બાબત...**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેના આપના તા.૧૩/૦૭/૨૦૧૮ ના પત્ર ક્રમાંક: હિતિનિ/શાસન/બિરાપ-૩/જનરલ/૧૪૨૬ સંદર્ભમાં આપનું ધ્યાન આ વિભાગના તા.૧૬/૦૮/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ ના મુદ્દા ક્રમાંક: (૭) તરફ દોરતા જણાવવાનું કે અન્ય હુકમો ન થાય ત્યાં સુધી મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય ભથ્થા છઠ્ઠા પગાર પંચના પગાર મુજબ અને તે જ દરે ચૂકવવાના રહે છે. તે અનુસાર સાતમા પગાર પંચ અન્વયે જ્યાં સુધી અન્ય ભથ્થાઓ ચૂકવવા બાબતે સરકારશ્રી દ્વારા નિર્ણય ન લેવાય ત્યાં સુધી રજા પ્રવાસ રાહત (LTC) સમયે મળવાપાત્ર મહત્તમ ૧૦ રજાનું રોકડમાં રૂપાંતર **છઠ્ઠા પગાર પંચ મુજબના પગારને ધ્યાને** લઈને ચૂકવવાનું રહેશે.

આપનો વિશ્વાસુ,

**(શૈલેષ વિ. પરમાર)**
નાયબ સચિવ
નાણા વિભાગ

5825
20 JUL 2018

INWARD NO. 42
DATE 20 JUL 2018